દિવ્ય ભાસ્કર
અમદાવાદ | મંગળવાર | ૮ જૂન, ૨૦૧૦

# ગ્રીન્ડિયન્ઝ બાયો.નો બાયોડેગ્રેબલ પ્લાસ્ટિક પ્લાન્ટ શરૂ

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

ગ્રીન્ડિયન્ઝ બાયોટેક પ્રા. લિ. દ્વારા અમદાવાદ નજીક બાવળા ખાતે પ્રથમ બાયોપ્લાસ્ટિક પ્લાન્ટની શરૂઆત કરવામાં આવી છે. આ પ્લાસ્ટિક પર્યાવરણ માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમાં કોઈ પણ જાતનાં રસાયણ કે પરંપરાગત પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં નથી આવતો.

આ પ્લાસ્ટિક સંપૂર્ણપણે મકાઈના દાણા અને અન્ય કુદરતી તત્ત્વોમાંથી તૈયાર કરવામાં આવે છે, જોકે આ પ્લાસ્ટિક પરંપરાગત પ્લાસ્ટિક કરતાં મોંઘું છે પરંતુ તે પર્યાવરણને નુકસાનકર્તા નથી. જમીનમાં દટાઈ ગયા બાદ આ પ્લાસ્ટિક છ મહિનામાં માટીમાં મળી જાય છે અને તેનાં કારણે જમીનને નુકસાન થતું નથી. આ પ્લાન્ટ માટે કંપનીએ ફ્રાન્સની લિમાગ્રેઈન સિરેલ્સ સાથે જોડાણ કર્યું છે. લિમાગ્રેઈનના માર્કેટિંગ ડિરેક્ટર ડેવિડ પિયર્સને આ અંગે જણાવ્યું હતું કે ભારત વિશ્વનું વિશાળ અર્થતંત્ર છે અને તે સૌથી વધુ વસતી ધરાવતું વિશ્વનું બીજા ક્રમનું રાષ્ટ્ર છે.